# મહેસાણામાં ૧૦૮ના કર્મચારીઓના ૬ દિવસથી ઉપવાસ, સરકારનું ભેદી મૌન

મહેસાણા જિલ્લામાં ૧૦૮ના કર્મચારીઓને પોતાની પડતર માંગણીઓને લઈને છુટા કરવાના કેશમાં આજે સમગ્ર ગુજરાતમાંથી ૨૩ જિલ્લાના કર્મચારીઓ આજે ૬ દિવસથી મહેસાણા આવીને ઉપવાસ આંદોલન કરી રહ્યા છે જેમાં આજે પાટીદારોના પાસ કમિટીએ પણ ટેકો આપતા હાલમાં આ મુદો ભારે ચર્ચામાં આવી ગયો છે જ્યારે આવનાર સમયમાં મહેસાણાનું આંદોલન ફરીવાર રંગ પકડશે તેવું લાગી રહ્યું છે.




મહેસાણામાં આજથી ૬ દિવસ પહેલા ૧૦૮ના ૩૧થી વધુ કર્મચારીઓ મહેસાણામાં પોતાની બદલી અને વર્ગ ૩ના કર્મચારીઓમાં ૧૦૮ના કર્મચારીઓને સમાવવા માટે અંદોલન કાર્ય હતું પરતું કોર્ટમાં તેમણે જે રીતે જામીન આપી હતી તે જોતા ૩૧ કમર્ચારીઓને હાલમાં છુટા કરી દીધા છે ત્યારે સમગ્ર ગુજરાતમાં આજે ૬ દિવસ થી ૨૩ જિલા ના ૧૦૮ ના કર્મચારી ઓં ધારણા કરી ને ઉપવાસ આંદોલન શરુ અકર્યું છે જેને લઈ ને આજે તંત્ર ની પોલ ખુલી ગઈ છે જ્યારે ડેપ્યુટી સિ.એમ ને પણ આ મુદે ચર્ચા કરવા માં આવી છે તેમ છતાં આજે પણ કોઈ મુદે ચર્ચા કરવા માં આવી નથી અને આજે પાટીદાર સંગઠન પાસ એ આ સમગ્ર મામલે ટેકો આપોયો છે અને આવનાર સમય માં ઉગ્ર દેખાવો કરવા ની ચીમકી આપી છે તો અવાન્ન સમય માં સરકાર ઝડપી કાર્યવાહી કારે તેવી માગ પણ મુકવા માં આવી છે ...અને આ મુદે સુરેશ પટેલ પાસ ઉતર ગુજરાત કન્વીનર એ જણાવ્યું હતું કે જો આ મુદે કાર્યવાહી નહી કરવા માં આવે તો અગામી સમય માં પાટીદાર સંગઠન સામે આવશે અને આવનાર સમય માં ૧૦૮ ના કર્મચારી ઓં સહિત ને રોકી ને ૧૦૮ ના ની ગાડી ને રોકી દેવા માં આવશે જેની તમામ જવાબદારી સરકાર ની રહેશે ...જ્યારે વિરેન્દ્ર ચૌહાણ ૧૦૮ ના કર્મચારી મહેસાણા એ જણાવ્યું છે કે આત્યાર સુધી માં ૧૧ કર્મચારી ઓં ની હાલત નાજુક રહેવા ગી છે જો અઆજ રીતે કામ કરવા માં આવશે તો અમારે બીજો રસ્તો આપ્રવા માં અમે પાછી પાણી કરીશું નહી.



## ભિલોડા તાલુકામાં જી.એસ.ટી.ના નામે ગ્રાહકો પાસેથી ધોળેદિવસે કરાતી ઉઘાડી લૂંટ

ભિલોડા,તા.૧૮

ભિલોડા તાલુકામાં જી.એસ.ટી.ના નામે ગ્રાહકો પાસેથી ધોળા દિવસે કરાતી ઉઘાડી લુંટ ગુટખાના વેપારીઓની સંગ્રહખોરી અને ભાવવધારા સામે વ્યસની ગ્રાહકો લાચાર છે. કેન્દ્ર સરકારએ તા.૧લી જુલાઈથી જી.એસ.ટી.નો કાયદો અમલમાં લાવી દીધો છે ત્યારે કેટલાક વેપારીઓ ધ્વારા ગ્રાહકો પાસેથી ઉઘાડી લુંટ શરૂ કરી દીધી છે.ગુટખાના વેપારીઓ સંગ્રહખોરી કરી ગ્રાહકો પાસે વધુ પૈસા પડાવી લેતા હોવાની બુમરાણ ઉઠવા પામી છે. વેપારીઓ ધ્વારા ગુટખાની વિવિધ બ્રાન્ડો જેવી કે ઝાફરી, સિલ્વર, વિમલ, રાગ, રજનીગંધા, આર.એમ.ડી. સહિત વિવિધ ગુટખાના જથ્થાબંધ પેકેટો પર અંદાજીત રૂા.૪૦ થી રૂા. ૭૦ વધારે લેવામાં આવી રહ્યા હોવાનું ચર્ચાય છે. સરકાર ધ્વારા જી.એસ.ટી.લાગુ કરાયા બાદ વેપારીઓ ધ્વારા ગુટકાના ભાવ વધારી દેવાતાં ગુટખા સસિયાઓ હાલ તો વધુ કિંમત ચુંકવી રહ્યા હોવાનું જાણવા મળેલ છે.બીજી બાજુ ગુટખાના જથ્થાબંધ વેપારીઓ માલનો સ્ટોક કરી વધુ પૈસા ગ્રાહકો પાસેથી પડાવી રહ્યા છે ત્યારે વહીવટી તંત્ર ધ્વારા આ બાબતે યોગ્ય નાન્યિક તપાસ હાથ ધરવામાં આવે તો ઉઘાડી લુંટથી ગ્રાહકો બચી શકે તેમ જાણવા મળેલ છે. રીટેલર વેપારીઓના જણાવ્યા મુજબ ગુટખાના હોલસેલ, જથ્થાબંધ વેપારીઓ નાના-નાના રીટેલર વેપારીઓને પાકા બીલ પણ આપતા નથી તેમ લોકમુખે ચર્ચાય છે.



તાજેતરમાં હળવદ અને ધ્રાંગધ્રા ખાતે માલધારીઓ પર થયેલા અમાનુષી અત્યાચારના માલધારી સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. ત્યારે આજે પાલનપુર ખાતે માલધારી વિકાસ સંગઠને કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ગૃહમંત્રીના રાજીનામાંની માંગ કરી હતી. હળવદ અને ધ્રાંગધા ખાતે બે કોમ વચ્ચે થયેલ જૂથ અથડામણના રાજ્યભરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. માલધારીઓની હત્યા અને આગચંપીના બનાવો ખુદ રાજ્યના ગૃહ મંત્રીની રહેમનજર તળે થયા હોવાનો આક્ષેપ માલધારી વિકાસ સંગઠને કર્યો હતો. આ અંગે પાલનપુર ખાતે માલધારી સંગઠને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની ગુહાર લગાવી હતી.

## ચેઈન સ્નેચર ચાઈના ચાર દિવસના રિમાન્ડ પર

અરવલ્લી જિલ્લા સહિત સાબરકાંઠા અને રાજસ્થાનમાં ચેઈન સ્નેચીંગ અને લૂંટ ના ૨૪ ગુનાં આચરનાર ગેન્ગ ના લીડર ચાઈના ની ધરપકડ કર્યાબાદ પોલીસે મુદ્દામાલ મેળવવા અને ગેન્ગ ના અન્ય સાગરીતો ની ધરપકડ કરવા માટે ચાઈના ને પોલિસે કોર્ટ માં રજૂ કરી ચાર દિવસ ના રિમાન્ડ મેળવ્યા હતા.

રાજસ્થાન,સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં મહિલાઓ ના ગળા માં થી ચેઈન સ્નેચીંગ કરી હાહાકાર મચાવી દેનાર મોડાસા તાલુકાના નૈનેશ ઉર્ફે ચાઈના ઉર્ફે સરકીટ ની અરવલ્લી જિલ્લા એલ સીબી પીઆઈ વણજારા અને તેમની ટીમે અનેક પ્રયાસે ધરપકડ કરી




પ્રાથમિક પૂછપરછ માં ૨૪,ગુનાઓ નો ભેદ ઉકેલી નાખ્યો છે પરન્તુ મુદ્દામાલ ની રિકવરી કરવાની બાકી છે તેમજ ચાઈના ગેન્ગ ના અન્ય સાગરીતો ની પણ ધરપકડ કરવાની બાકી હોવાથી એલસીબી પોલીસે રિમાન્ડ માટે મોડાસા કોર્ટ માં રજૂ કરતા કોર્ટે ચાઈના ઉર્ફે નૈનેશ મોડિયા ને ચાર દિવસના રિમાન્ડ પર સોંપ્યો હતો.



દિવાસાના દિવસો એટલે મા દશામાનો આરાધનાના દિવસો હોય છે. ત્યારે શ્રદ્ધાળુ બજારમાંથી દશામાની મૂર્તિ ખરીદી કરી એને ઘરે લાવે છે. એની સ્થાપના કરે છે અને એનુ વિસર્જન કરતા હોય છે. ત્યારે આ દસ દિવસ લોકો પોતાના ઘરે અવનવા માના શણગાર કરી બજારમાં માતાજીની યાત્રાઓ પણ નિકળે છે. ત્યારે લોકોમાં ઉત્સાહ વધારવા આ વખતે કારીગરો દ્વારા મૂર્તિઓમાં અવનવી વેરાયટીઝ બનાવવામાં આવી છે.

## બનાસકાંઠા જિલ્લાને મેડીકલ કોલેજ મળતા સુપર સ્પેશ્યાલીસ્ટ ડૉક્ટરોની સુવિધા મળશે

પાલનપુર, તા. ૧૮

આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા શહેરી વિકાસ રાજ્યમંત્રી અને બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને પાલનપુર ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી.

આ પ્રસંગે મિડીયાને માહિતી આપતાં મંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે સરકાર દ્વારા બનાસકાંઠા જિલ્લાને મેડીકલ કોલેજ ફાળવવામાં આવતાં વર્ષોથી રાહ જોતા બનાસવાસીઓનું સપનું સાકાર થયું છે. તેમણે કહ્યું કે જિલ્લાને મેડીકલ કોલેજ મળતાં જિલ્લાભરમાં આનંદ અને હર્ષની લાગણી છવાઈ ગઈ છે. મેડીકલ કોલેજમાં તમામ સેમેસ્ટરમાં ૭૫૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરીને ઉજ્જવળ કારકિર્દીનું નિર્માણ કરશે. અને નજીકના સમયમાં જ મેડીકલ કોલેજનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. પાલનપુર ખાતે મેડીકલ કોલેજનું નિર્માણ થતાં ૭૦૦ પથારીની અદ્યતન હોસ્પિટલ અને સ્પેશ્યાલીસ્ટ તથા સુપર સ્પેશ્યાલીસ્ટ ડૉક્ટરોની સેવાનો લાભ બનાસકાંઠા સહિત રાજસ્થાનના લોકોને પણ લાભ મળશે. મહત્વની વાત એ છે કે મેડીકલ કોલેજથી ઘર આંગણે ડૉક્ટર બનવાનું સ્વપ્ન સાકાર થશે અને બનાસકાંઠા જિલ્લાનું આરોગ્યનું માળખુ સમૃદ્ધ બનશે. આ પ્રસંગે બનાસડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈ, બનાસડેરી માર્ગદર્શક મંડળના સભ્ય મગનલાલ માળી અને ડેરીના એમ.ડી. બિપીનભાઈ પટેલ, જનરલ મેનેજર ડૉ. વિરેન્દ્ર દોશી સહિત ડેરીનો સ્ટાફ અને પત્રકારમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.



ખેડબ્રહ્મા નગરપાલીકા તથા જીવદયા મિત્ર મંડળ ખેડબ્રહ્મા દ્વારા ખેડબ્રહ્મા શહેરમાં અને હાઈવે ઉપર રખડતા ઢોરોને પકડવાની કામગીરી આજ સવારથી જ હાથ ધરાઈ છે. જીવદયાના માણસો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે અમે અગાઉ પણ ૧૫ થી ૧૬ ઢોરોને પકડ્યા હતા અને આજરોજ ૨૫ થી ૩૦ ઢોરો પકડવાના છે અને ઢોરોને પકડી પાંજરાપોળમાં મુકવામાં આવે છે. અને શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ પણ વધી જવા પામ્યો હતો. હાઈવે પર જતા યાત્રાળુઓને પણ ખુબજ મુશ્કેલી પડતી હોય છે. અને બજારમાં તો આખલાઓનો ત્રાસ વધી ગયો હતો. ત્યારે નગરપાલીકા અને જીવદયાએ આ સુંદર કામગીરી હાથ ધરી છે એમ નગર ચર્ચાઓ સંભળાઈ રહી છે.

## ગણેશપુરમાંથી ચાર દારૂડિયા ઝડપાયા

અરવલ્લી, તા. ૧૮

અરવલ્લી જિલ્લાની મોડાસા ટાઉન પોલીસે દારૂ પીને છાકટા થઈને ફરતા તત્વો સામે લાલ આંખ કરી મંગળવારની બપોરે ગણેશપુર વિસ્તારમાંથી ચાર દારૂડિયાઓને ઝડપી લઈ કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

દારૂ પીવા અને વેચવા સામે હાલમાં જ નવો કાયદો બન્યો છે જેમાં વધુ સજાની પણ જોગવાઈ કરવામાં આવી હોવા છતાં કાયદાનો ડર રાખ્યા વિના દારૂ પીવા માટે તલપાપડ રહેતા કેટલાક તત્વો છડેચોક દારૂ પી છાકટા બની જતા હોય છે. ત્યારે મોડાસા ટાઉન પોલીસે ગણેશપુર ગામની સીમમાં આવેલા બાજકોટ ગામ તરફ જવાના રસ્તા પર જાહેર માં દારૂ પી રહેલા ૪ લોકોને ઝડપી લીધા હતા.

## ધનસુરાના સાંભેરી તળાવમાં ઈસમે દબાણ કરતા એદલપુરાના ગ્રામજનોએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું

ધનસુરા, તા. ૧૮

અરવલ્લી જિલ્લાના ધનસુરાના પેટા પર સાંભેરીના તળાવમાં અસરગ્રસ્ત ખેડૂતને આવેલ દબાણ તાત્કાલીક અસરથી દૂર કરવા જિલ્લા એડી. કલેક્ટરને અને નાયબ કાર્યપાલક ઈજનેર (સીંચાઈ) વિભાગને આવેદનપત્ર



સરકાર તરફથી જમીન ફાળવવામાં આવી હતી. આ ઈસમે તળાવની અંદર દબાણ કરી, એદલપુરાના વરસાદી પાણીના નિકાલ માટેનું વાઘુ પુરી દેવાતા અને તળાવની વેસ્ટ વીયર (તોડી નખાતા) આગામી સમયમાં પાણીની વિકટ સમસ્યા સર્જાવાની ભીંતી પેદા થતા મંગળવારે એદલપુરાના ગ્રામજનોએ સાંભેરી તળાવમાં એક ઈસમ દ્વારા કરવામાં આવેલ દબાણ તાત્કાલીક અસરથી દૂર કરવા ... આપી ઉગ્ર માંગ કરી હતી.

ધનસુરાના પેટા પરા સાંભેરીના તળાવની ઉત્તર દિશાએ ઘનશ્યામભાઈ મગનભાઈ પટેલને અસરગ્રસ્ત થતા સરકાર દ્વારા ૯-૪૦-૮૯ આરે હેક્ટર ખેડૂતને વાવેતર માટે સરકારી જમીન વાવેતર માટે આપી હતી અને ૧-૬૧-૮૮ હેક્ટર આરે ખરાબાની જમીન આપવામાં આવેલ હતી. આ ઈસમે આ ખરાબામાં જમીન લેવલીંગ કરી દેતા એદલપુરાના ગ્રામજનોનુ વરસાદી પાણીના નિકાલનું વાંઘુ પુરાઈ જતા પાણી તળાવમાં ગામનું બંધ થઈ ગયું હતું. આ અંગે ગ્રામજનોએ ૨૯-૪-૨૦૧૭ના રોજ રજૂઆત કરવા છતાં યોગ્ય નિકાલ કરવામાં આવેલ નથી. આ ઈસમે તળાવના બાવળો કાપી તળાવની જમીનમાં દબાણ કરેલ છે અને સિંચાઈ મારફતે લેવલીંગ જોઈને (વેસ્ટવીયર) બનાવેલ પાળ તોડી નાખવામાં આવતા તળાવમાં પાણી ખાલી થઈ જતા અને ઈસમ દ્વારા પાળા તોડી નખાતા પાણી તળાવમાં ભરાય જ નહિ તેવા પ્રયત્નો હાથ ધરતા એદલપુરાના ગ્રામજનોને અને ખેડૂતોને સીંચાઈનો લાભ પણ નહી મળે અને પત્થર વાળી જમીન હોવાથી ફક્ત ચોમાસુ જ પાક લેવાય છે તો તળાવ ભરેલુ રહે તો કુવા અને બોરના તળ ઊંચા આવે તો બારમાસી પાક લેવાય તેમજ તળાવમાં ભરેલુ હોય તો પશુઓને પીવાના પાણીની સમસ્યા હલ થઈ શકે પરંતુ ઈસમ દ્વારા તેના ખેતરમાં પાણી ભરાતુ હોવાની ખોટી રજૂઆત કરતા અને અધિકારીઓને યેનકેન પ્રકારે કનડગત કરી સરકારી વેસ્ટ વીયર તોડી નાખવામાં આવતા અને સાંભેરી તળાવમાં બાવળો કાપી દબાણ કરાતા એદલપુરાના ગ્રામજનોએ મંગળવારે મોટી સંખ્યામાં અરવલ્લી જિલ્લા સેવાસદન ખાતે ઉમટી પડી યોગ્ય ન્યાય મેળવવા સૂત્રોચ્ચાર કરી એડી. કલેકટરને આવેદનપત્ર આપી યોગ્ય ન્યાયની માંગણી કરી હતી. આવેદનપત્ર આપવા માટે જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ સચીન પટેલ પણ હાજર રહી ગ્રામજનોને યોગ્ય ન્યાય અપાવવા માંગ કરી હતી.

## મહેસાણા જિલ્લામાં ૨૩મીએ નવીન ન્યાયમંદિરના મકાનનું લોકાર્પણ કરાશે

મહેસાણા, તા. ૧૮

મહેસાણા જિલ્લા કલેકટર આલોક કુમારના અધ્યક્ષ સ્થાને ૨૩ જુલાઇ-૨૦૧૭ને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે નવીન ન્યાયમંદિરના મકાનનું લોકાર્પણ થનાર છે. આ કાર્યક્રમની તૈયારી સંદર્ભે જિલ્લા કલેકટર આલોક કુમારના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઇ હતી.

જિલ્લા કલેકટર આલોક કુમારે જણાવ્યું હતું ૨૩ જુલાઇએ જિલ્લા અદાલતના નવીન મકાનનું લોકાર્પણમાં રાજયના મુખ્ય ન્યાયમુર્તિ આર.સુભાષ રેડ્ડી ઉપસ્થિત રહેનાર છે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં અન્ય મહાનુભાવોમાં નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, હાઈકોર્ટના ન્યાયમુર્તિ એમ.આર. શાહ, ન્યાયમુર્તિ અભિલાષા કુમારી,ન્યાયમુર્તિ એસ.જી. શાહ, કાયદામંત્રી પ્રદિપસિંહ જાડેજા ઉપસ્થિત રહેનાર છે. જિલ્લા ન્યાય અદાલતનું નવીન સાત માળનું મકાનનું લોકાર્પણ થનાર છે. કાર્યક્રમમાં વૃક્ષારોપણ, સાંસ્કૃતિક કાર્યક્મો યોજાનાર છે.

## એશિયાની નામાંકિત બનાસ ડેરીની ૪૯મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

પાલનપુર, તા. ૧૮

બનાસકાંઠાના દૂધ ઉત્પાદકો માટે જીવાદોરી સમાન બનાસ ડેરીની ૪૯મી વાર્ષિક સાધારણ સભા બનાસ ઓઈલ મિલ, બાદરપુર ખાતે આજ રોજ બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને વિશાળ સંખ્યામા જિલ્લાના દૂધ ઉત્પાદકો હાજર રહ્યા હતા.

આ પ્રસંગે બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ કહ્યું હતું કે બનાસ ડેરીએ વિકાસની અનેક ક્ષિતિજો સર કરી છે. આ અગાઉ બનાસકાંઠાને પછાત અને રણ પૂરું પાડ્યું છે. દેશના છેવાડાના સરહદી વિસ્તારના આપણા ઉદ્યમશીલ પશુપાલકોએ બનાસડેરીનું નામ રોશન કર્યું છે. દૂધ ઉત્પાદક માતાઓ અને બહેનોએ દૂધની નદી વહેવડાવીને બનાસ ડેરીનું સહકારી ક્ષેત્રના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે નામ



તથા બનાસકાંઠા જિલ્લાના વિવિધ સહકારી સંસ્થાના આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાઈ હતી, જેમાં રાજ્ય સરકારના મંત્રી કેશાજી ચૌહાણ, બનાસબેંકના ચેરમેન એમ.એલ. ચૌધરી તથા બનાસડેરી અને બનાસબેંકના ડિરેક્ટરો તેમજ વિસ્તાર તરીકે ઓળખવામાં આવતો હતો, પરંતુ આપણા સૌના અથાગ પ્રયત્નોથી તેના ભાગ્યોદયની શરૂઆત થઈ છે, જેનો બધો શ્રેય દૂધ ઉત્પાદકોને ફાળે જાય છે. રણમાં વસતા લોકો કેવી રીતે સુખી થઈ શકે છે તેનું ઉદાહરણ વિશ્વસ્તરે બનાસ ડેરીના સભાસદોએ લખાવી દીધું છે. સમય સાથે તાલ મિલાવવા માટે બનાસની પ્રજા ખૂબ જ માહિર છે તેના પરિણામે બનાસકાંઠાના ગામડા ગોકુળિયા બનાવી દીધા છે. બનાસ ડેરીના નિયામક મંડળે એ દૂધ ઉત્પાદકો માટે અનેક હિતકારી નિણર્ય લીધા છે.